
# ઓશવાળ સેન્ટરમાં નવા આર્ચબિશપની ઐતિહાસિક મુલાકાત

- જ્યોત્સના શાહ



બુધવાર તા. ૧૬-૫-૨૦૧૨ના રોજ પોટર્સબાર ખાતે આવેલ ઓશવાળ સેન્ટર અને શિખરબંધી જૈન દહેરાસરની નવા વરાયેલા આર્ચ બીશપ પોપ હેન્રીસે એમના પ્રતિનિધિમંડળ સહિત મુલાકાત લીધી હતી. મુખ્ય અતિથિ વિશેષ તથા આમંત્રિત અન્ય જૈન સંસ્થાઓના અગ્રણીઓનું હાર્દિક સ્વાગત ઓશવાળ સમાજના પ્રેસિડેન્ટ શ્રી તુષારભાઈ શાહે કર્યું હતું.

ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુભાઈ ચંદરિયાએ જણાવ્યું કે 'અમે જૈન ધર્મના બધા જ ફિરકાઓનો સમન્વય કરી યુ.કે., ભારત અને વિશ્વભરના જૈનોના સહકારથી જૈન ધર્મની ફિલોસોફી, કલા, સંસ્કૃત આદીના પ્રચારનો ભગીરથ યજ્ઞ આદર્યો છે. જૈનોલોજીના ડાયરેક્ટર શ્રી હર્ષદભાઈ સંઘરાજકાએ જૈનોલોજીના ૨૨ વર્ષના ઇતિહાસ તથા જૈન પીડીઆ પ્રોજેક્ટની માહિતી આપી.'

આર્ચ બીશપે એમના વક્તવ્યમાં જણાવ્યું કે, 'આપણે સૌએ એકબીજાના ધર્મ - પરંપરા - સંસ્કૃતિને જાણવા જોઈએ જેથી સામાજિક એકસૂત્રતા અને ભાઈચારાની ભાવના કેળવવામાં મદદરૂપ થાય. સ્થાનિક અને વૈશ્વિક સ્તરે શાંતિ અને મૈત્રીભાવ સ્થપાય તો સમાજના વર્તમાન તેમ જ ભાવિ સંગીન બને. જૈન ધર્મનો ક્ષમા - ભાવ - અહિંસા અને માનવીય વ્યવહાર વગેરે સરાહનીય છે. મહાત્મા ગાંધીએ પણ 'અહીંસા'ના શસ્ત્ર વડે આઝાદી પ્રાપ્ત કરી હતી.

દરેક ધર્મએ બીજા ધર્મનું સન્માન કરવું જોઈએ.'

શ્રી જયસુખભાઈ મહેતાએ આર્ચબિશપ પોપનો સવિશેષ આભાર માન્યો હતો અને સૌએ ભોજન લીધું હતું.

# અનુપમ મિશનના મંદિર નિર્માણ માટે કિરણ પટેલે £૫૪,૦૦૦ એકત્રિત કર્યા



પ્રસ્તુત તસવીરમાં ડાબેથી પૂ. શ્રી હરી સ્વામી, સુરેન્દ્રભાઇ પટેલ, પૂ. શ્રી હિંમત સ્વામી, પૂ. શ્રી જશભાઇ સાહેબ, શ્રી વી. સી. પટેલ તેમજ શ્રી અશ્વીનભાઇ પોપટ નજરે પડે છે

અનુપમ મિશનના નૂતન મંદિરના નિર્માણ અર્થે ફંડ એકત્ર કરવા ગત તા. ૨૭-૫-૧૨ના રોજ એડીનબરા મેરેથનની ૨૬ માઈલની દોડ પૂરી કરનાર દોડવિર કિરણ પટેલનું ગત તા. ૨૮-૫-૨૦૧૨ના રોજ અનુપમ મિશન બ્રહ્મજ્યોતિ ખાતે ગુરૂવર્ય સાહેબજીના સાનિધ્યમાં ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું.

અનુપમ મિશનના મંદિર નિર્માણ માટે કિરણભાઈએ £૫૪,૦૦૦/- એકત્રિત કરી ગુરૂવર્ય સાહેબજીના ચરણોમાં ધર્યા હતા. મેરેથનમાં જોડાયેલા લગભગ ૧૫,૦૦૦ આબાલ-વૃદ્ધ-યુવાનોમાં કિરણ પટેલ એક માત્ર આપણા ગુજરાતી હતા તે વાત જાણી ગુરૂવર્ય સાહેબજીએ પણ તેમની ખૂબ જ પ્રશંસા કરી હતી અને આ પ્રસંગ યુવાનો માટે પ્રેરણાદાયક સંભારણું બની રહેશે તેમ જણાવ્યું હતું.

કિરણ પટેલને પ્રોત્સાહન અને પ્રેરણા આપનાર તેમના કાકા અને અનુપમ મિશનના સ્વજન પૂ. સુરેન્દ્રભાઈ અને કિરણ પટેલના પિતાશ્રી પૂ. વી.સી. પટેલનું પણ ખાસ અભિવાદન કરવામાં આવ્યું હતું. આ અભિયાન માટે 'ગુજરાત સમાચાર'ના સૌ વાચકોને પ્રોત્સાહન આપ્યું હતું અને આ પ્રસંગે શ્રી સી.બી. પટેલે ખાસ જણાવ્યું હતું કે "અનુપમ મિશન દ્વારા 'ગુજરાત સમાચાર'ના જે લવાજમી ગ્રાહકો થશે તેની આવકમાંથી ૩૩ ટકા રકમ મંદિર નિર્માણ માટે દાન કરશે. બીજી તરફ CB Live TV શોમાં મેનેજીંગ એડિટર શ્રીમતી કોકીલાબહેને સુંદર સહકાર આપ્યો હતો.

# હરામ્બે કેન્યા સેવ અ સાઇટ પ્રોજેક્ટ'ના લાભાર્થે સંગિત સંધ્યા યોજાઇ



શનિવાર તા. ૧૯મી મે, ૨૦૧૨ના રોજ સાંજે 'હરામ્બે કેન્યા સેવ અ સાઇટ પ્રોજેક્ટ'ના લાભાર્થે ભક્તિ અને સુગમ સંગીત સંધ્યાનું આયોજન કિંગ્સબરીના ઝેડવી હોલ ખાતે કરાયું હતું. આ પ્રસંગે અર્પણ અને મિત્તલ ગૃપે સંગીતના સુમધુર સ્વરોથી સૌને ડોલાવ્યા હતા. સંગીત સંધ્યા દરમિયાન કુલ £૨૫૦૦નું દાન એકત્ર થયું હતું.

# કુંડળધામ (સારંગપુર)ના સંતો લંડનની મુલાકાતે

કુંડળધામ (સારંગપુર) સ્વામીનારાયણ મંદિરના સંતો સર્વશ્રી જ્ઞાનજીવનદાસજી, અચ્યુતદાસજી, ગુણસાગરદાસજી, નિરંજનદાસજી અને પવિત્રદાસજી સ્વામી લંડનના હરિભક્તોની માંગણીને માન આપીને તા. ૯ અને ૧૦ તેમજ ૨૬-૨૭ જૂનના રોજ લંડન પધારી રહ્યા છે.

આ પ્રસંગે સત્સંગ જ્ઞાન યજ્ઞ તેમજ હરિ ચરિત્રામૃત સાગર જ્ઞાનયજ્ઞનું આયોજન તા. ૯ અને ૧૦ તેમજ ૨૬-૨૭ જૂનના રોજ સાંજે ૬-૩૦થી ૮-૩૦ દરમિયાન ક્લેરમેન્ટ હાઇસ્કૂલ, કેન્ટન, હેરો HA3 0LH ખાતે કરવામાં આવ્યું છે. કથા બાદ મહાપ્રસાદનો લાભ મળશે. સંપર્ક: પ્રેમજીભાઈ ભુડિયા ૦૭૯ - ૦૪ ૭૯૬ ૮૧૧

# ઓશવાલ એસોસિએશન ઓફ યુકેના હોદ્દેદારો: કિંગ્બસરીમાં સેન્ટર માટે મિલક્ત ખરીદાઇ

ઓશવાલ એસોસિએશન ઓફ યુકેની તા. ૨૦-૫-૧૨ના રોજ પોટર્સબાર ખાતે યોજાયેલી મીટીંગમાં યુકેમાં જન્મેલા સૌપ્રથમ ઓશવાલ શ્રી રક્ષીત હરખચંદ શાહની વરણી પ્રમુખ તરીકે કરવામાં આવી હતી. બીજી તરફ પોટર્સબાર સ્થિત ઓશવાલ સેન્ટર અને ક્રોયડન સ્થિત ઓશવાલ મહાજન વાડી બાદ સંગઠન દ્વારા કિંગ્સબરી લંડન ખાતે સંસ્થાના નવા સેન્ટર માટે તા. ૧૮-૫-૨૦૧૨ના રોજ મિલ્કત ખરીદીના કોન્ટ્રાક્ટ એક્સચેન્જ થયા હતા. હોદ્દેદારોના નામ આ મુજબ છે.

પ્રમુખ: રક્ષીત હરખચંદ શાહ ઉપપ્રમુખ: રજનીકાંત ભારમલ શાહ, સેક્રેટરી: સૈલેષ લીલાધર શાહ, ખજાનચી: નિલેશ ભગવાનજી શાહ. ટ્રસ્ટીઝ: અંજલી કે. ગુડકા, આશીશ જે. પદ્ધાણી, આશોક એમ. શાહ, અશ્વીન બી. શાહ, ધીરૂ ડી. શાહ, મૃદુબેન બી. શાહ, રતીભાઇ ડી. શાહ, સુધીર એમ. શાહ, સુશીલાબેન એલ. શાહ, તુષાર જે. શાહ, ઉર્વીના વી. શાહ, વર્ષા ડી. શાહ, ભીખાલાલ વી. બીડ, ભીખુભાઇ ડી શાહ, દક્ષા ડી. મારૂ, ધીરૂ કે. શાહ, ડો. દિપક વી શાહ, કૈલેષ કે. શાહ, નિર્મલ સી. શાહ, રાકેશ એ. શાહ, અને રસિક વી. શાહ. સલાહકાર મંડળ: મિનેશ શાહ, ધિરેન એમ. શાહ અને સંસ્થાના તમામ ભૂતપૂર્વ પ્રમુખો. સંપર્ક: 01707 643 838.

# સુધારો


૨ જૂન ૨૦૧૨ના ગુજરાત સમાચારના પાન નં-૩૪ ઉપર આવેલા સ્વ. ગં.સ્વ. સવિતાબેન ચંદુભાઇ પટેલના આભાર દર્શનમાં ટેલિફોન નંબર આપવાના રહી ગયા છે તે નીચે પ્રમાણે વાંચવા: 01983404550; 0788 301 4547.


## Oshwal Gujarati School

ઓશવાળ ગુજરાતી સ્કૂલ એક સ્થાનિક સામાજિક શાળા છે અને ગુજરાતી ભાષાના પ્રચાર-પ્રસાર અને શિક્ષણ માટે ગૌરવ અનુભવે છે

The School also offers other various cultural, drama, music and religious activities as a part of the school curriculum.

આ સ્કુલમાં ૫ વર્ષ કે તેથી વધુ વર્ષનાં બાળકોને પ્રવેશ આપવામાં આવે છે અને ધોરણ ૧થી શરૂ કરીને શરૂઆતનાં વર્ષોમાં એસેટ પરીક્ષાઓ સહિત GCSE અને A LEVEL સુધીનું શિક્ષણ આપવામાં આવે છે.



આપનાં બાળકોને ગુજરાતી શાળામાં જોડાવા અને રાષ્ટ્રીય ધોરણની પરીક્ષાઓ આપવા પ્રોત્સાહન આપો

Time: Saturday mornings from 9.30 am to 12.15 pm during mainstream school terms. Gujarati School Croydon

Contact 020 8664 9807 on saturday mornings only or 020 8689 5279

Enrol your child early to avoid disappointment

School e-mail : ogssouth@oshwal.org.uk

વધાઇ વધાઇ વધાઇ



શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી



II Shri Goverdhan Nathji Jayate II

II Shri Vallabh II

વૈષ્ણવાચાર્ય ગોસ્વામી પૂજ્ય દ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી - અમદાવાદ)ની ઉપસ્થિતીમાં યુકેમાં બે શાનદાર મનોરથનું આયોજન

Saturday 9th June 2012

at VRAJDHAM HAVELI, 58 Loughborough Road, Leicester LE4 5LD

| | |
|---|---|
| સવારે ૧૧-૦૦ કલાકે | પલના - નંદ મહોત્સવ |
| બપોરે ૩ થી ૬-૩૦ | પૂજ્ય જેજે શ્રીના વચનામૃત - શ્રી હરી રાય મહાપ્રભુજી કૃત "નિત્ય લીલા" (નિત્ય સેવા કર્મ અને ભાવના સહિત) (હવેલીના મેદાનની મારકીમાં) |
| સાંજના ૬-૩૦ થી ૭-૩૦ | ફૂલ મંડળી મનોરથ (હવેલીમાં) |

પૂજ્ય જે જે શ્રીના હસ્તે બ્રહ્મ સંબંધ (દિક્ષા) લેવાનો સોનેરી તક. સમય સવારે ૧૦-૦૦. રસ ધરાવનારાએ જેમ બને તેમ વહેલાસર આ માટે હવેલીનો ફોન નં. 0116 224 5308 ઉપર સંપર્ક કરવા વિનંતી.

Sunday 10th June 2012 (event in the Marquee)

at Shree Swaminarayan Temple, Wood Lane, Stanmore, London. HA7 4LF.

બપોરે ૩ થી ૬-૩૦ - જેજે વચનામૃત - ગોપી ગીત

These events are organised by VAISHNAV SANGH of UK

Vrajdham Haveli, 58 Loughborough Road, Leicester LE4 5LD

FOR FURTHER INFORMATION, PLEASE CONTACT

| | | | |
|---|---|---|---|
| Subhash Lakhani | 07748 324 092 | Pramodbhai Thakkar | 07860 922 770 |
| Jagdishbhai Patel | 020 8904 2060 | Raju Raithatha | 07852 993 412 |
| Kishan Ganatra | 07944 645 588 | Dalpatbhai Kotecha | 0116 220 0174 |

Chandubhai Sonecha 07804 596 677

Email: admin@VaishnavSangh.org.uk

Website: www.VaishnavSangh.org.uk

There will be a coach service available on Saturday from London to Leicester. The cost will be £12 (non refundable) per person. To book, please call:

Manish Popatiya 07557 027 101 Rajnibhai Sawjani 07950 267 765